ATMમાં મદદના બહાને ૩.31 હજાર ઉપાડી લેનાર બે ઝડપાયા

સુરત: અડાજણ અને વરાછા સર્કલ વિસ્તારમાં એસબીઆઈ એટીએમમાં મદદ કરવાના બહાને નાગરિકો સાથે છેતરપિંડી આચરતી ગેંગનો પર્દાફાશ થયો છે. આરોપીઓ ડેબિટ કાર્ડ બદલીને અને નજર ચૂકવી પાસવર્ડ મેળવી ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતાં હતા. આ રીતે બે બનાવીમાં તેઓએ 31 હજાર ઉપાડી લીધા હતા. પોલીસે 100થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસી અંકિત ઉર્ફે લલ્લા ઉદયભહાદુર યાદવ (ઉ.વ.24, રહે., અમૃતનગર, પાંડેસરા) અને વિકાસ રામચંદ્ર ગુપ્તા (ઉ.વ.22, રહે., વિસતનગર, પાંડેસરા)ની ધરપકડ કરી છે. જ્યારે વિકાસ ઉર્ફે નાનુ રાધેશ્યામ તિવારી (રહે., હરિઓમનગર, પાંડેસરા) ને વોન્ટેડ જાહેર કર્યો છે. પકડાયેલા અંકિત સામે અગાઉ પણ પાંડેસરા અને ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ગુનાહિત ઇતિહાસ નોંધાયેલો છે.

૮ વર્ષની બાળકીની છેડતીમાં કેબલ ઓપરેટરને ત્રણ વર્ષની સજા

સુરત: સુરતના અમરોલી વિસ્તારમાં કોસાડ આવાસ પાસે ૮ વર્ષની સગીરાને આલુપુરી અને ૨૦ રૂપિયાની લાલચ આપી અપહરણ કરવાનો પ્રયાસ કરવાના પોક્સો કેસમાં સુરતની સ્પેશિયલ કોર્ટે કેબલ ઓપરેટરને ત્રણ વર્ષની સજા ફટકારી હતી. તા.૨૪ જૂન-૨૦૨૫ના રોજ કેબલ ઓપરેટર મુખ્તાર ઈશા શેખ (ઉ.વ.40) એ સગીરાનો હાથ પકડી ઘરે બોલાવી ધમકી આપી હતી. બાળકીએ ડર્યા વગર માતાને આપવીતી જણાવતાં અમરોલી પોલીસ સ્ટેશને ગુનો નોંધ્યો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી તેજસ પંચોલી ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને ત્રણ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

MD ડ્રગ્સ કેસ: ચારેય આરોપીને ૫ વર્ષનો જેલવાસ

સુરત: શહેરની સ્પેશ્યલ કોર્ટ (એન.ડી.પી.એસ.) એ એમડી ડ્રગ્સ કેસમાં ચાર આરોપીને ૫ વર્ષની સખ્ત કેદની સજા અને દરેકને ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આ કેસની હકીકત મુજબ એપ્રિલ 2024મા અઠવાલાઈન્સ પોલીસે સ્નેહમિલન ગાર્ડન પાસેથી ઓટોરિક્ષામાં જતાં આરોપીઓની તલાશી લેતાં તેમની પાસેથી કુલ ૧૦.૧૪૦ ગ્રામ વજનનો માદક પદાર્થ (MD ડ્રગ્સ) મળી આવ્યો હતો. પોલીસે ઇમરાન ઉર્ફે કાલા યુનુસ શેખ, અસફાક ઉર્ફે નલ્લા અફજલ શેખ, મોહમંદ ઇમરાન અબ્દુલ રઝાક મેમણ, મોહમંદ રફીક ગુલામ મોયુદ્દીન શેખ (તમામ રહે., નાનપુરા)વિરુદ્ધ ગુનો નોંધી ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી માં સરકાર પક્ષે એપીપી દિપેશ દવે કેસ પુરવાર કરવા માં સફળ થતાં કોર્ટે આરોપીને સજા કરી હતી.

લિંબાયતમાં મહિલાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

સુરત: લિંબાયતમાં મહિલાએ પારિવારિક કારણોસર ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી મુજબ, મૂળ પશ્ચિમ બંગાળના વતની પ્રિયા મોનોતોશ ભવાનીપ્રસાદ મંડલ (ઉ.વ. ૩૨) હાલ લિંબાયતની શિવદર્શન સોસાયટીમાં પરિવાર સાથે રહેતી હતી. તેના પતિ કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી એક પુત્ર અને એક પુત્રી સહિતના પરિવારનું ભરણપોષણ કરે છે. આજે વહેલી સવારે પ્રિયાએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં પ્રિયાએ પારિવારિક કારણોસર અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, આપઘાતનું ચોક્કસ કારણ જાણવા માટે લિંબાયત પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.





ભાડા વિધેયક સામે સુરત કોર્ટમાં વકીલોની અચાનક હડતાળ

અચાનક અપાયેલા એલાનથી ઉઘડતી કોર્ટે પક્ષકારો તો ઠીક વકીલો પણ બરોબરના અટવાયા.

સુરત: સુરત જિલ્લા વકીલ મંડળે બુધવારે દસ વાગે અચાનક કારોબારી કમિટીની વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી 'ગુજરાત ભાડા વિધેયક' સામે સખત વિરોધ નોંધાવવા ત્રણ દિવસની હડતાળનું એલાન કરી દીધું હતું. અચાનક અપાયેલાં આ એલાનને પગલે ઉઘડતી કોર્ટે પક્ષકારો તો ઠીક વકીલો પણ બરોબરના અટવાયા હતા. બારની આખી ટીમ કોર્ટોમાં ફરી વકીલોને વિનંતી કરી બહાર લઈ આવી હતી. જ્યારે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબના જરૂરી કામ કોર્ટે ચલાવ્યાં હતાં. કમિટીની બેઠક બોલાવી લેવાયેલા સુરત બારના પ્રમુખ ઉદય પટેલના નિર્ણય સાથે બારના પદાધિકારી ઉદય પટેલ, સંજય પટેલ, મુકુંદ રામાણી, ફેની પટેલ, કવન પટેલ, યતીન ઢાકેચા, સચિન પટેલ, ગગજી ભરવાડ, મયૂર પટેલ તેમજ બીસીજી સભ્ય ઝકી શેખ, ભાવેશ રબારી, હિતેશ પટેલ સહિતના વકીલોએ સંકુલમાં ફરી વળી કામકાજથી અળગા રહેવાની સૂચના આપી કોર્ટ સંકુલમાં પ્રવેશવાના મુખ્ય ગેટ બંધ કરી દીધા હતા.

કોર્ટ કોઈ હુકમ કરે તો જવાબદાર કોણ?

જેઓ આ હડતાળ અંગે અજાણ હતા તેઓ સમયસર કોર્ટ સંકુલમાં આવતાં વકીલો દ્વારા પ્રવેશ નહીં અપાતાં લોકો સાથે વકીલોનું ઘર્ષણ થયું હતું. આવા પક્ષકારોનો એક જ પ્રશ્ન હતો કે અમારી હાજરી નહીં જોતાં કોર્ટ કોઈ હુકમ કરે તો જવાબદાર કોણ?

હડતાળના પત્રમાં બે વખત સુધારો કરવો પડ્યો

હડતાળના એલાન સાથે જાહેર કરાયેલા બારના પરિપત્રમાં બે વખત સુધારો કરવો પડ્યો હતો. પ્રથમ પત્રમાં તા.૩૦-૯-૨૬ તથા ૩-૧૦-૨૬ એમ બે દિવસ કોર્ટ કામકાજથી અળગા રહેવાનો નિર્ણય જાહેર કરાયો હતો. જેને કારણે વકીલોમાં અસમંજસની સ્થિતિ ઊભી થઈ હતી. બાદ પત્રમાં સુધારો કરી તા.૩૦થી લઈ તા.૩જી સુધી કોર્ટ કામકાજથી અળગા રહેવાની સૂચના આપવામાં આવી હતી.

નવું ગુજરાત ભાડા વિધેયક પ્રજાનાં હિતો વિરુદ્ધ: ઉદય પટેલ

સુરત જિલ્લા વકીલમંડળના પ્રમુખ ઉદય પટેલે જણાવ્યું હતું કે, નવું 'ગુજરાત ભાડા વિધેયક, સને-૨૦૨૬' એ આમ જનતાનાં હિતો વિરુદ્ધનું છે અને તેનાથી નાગરિકો તેમજ કાયદાકીય ક્ષેત્રે કામ કરતા વકીલો માટે અનેક જટિલ મુશ્કેલીઓ ઊભી થશે. વકીલમંડળ હંમેશાં પ્રજાનાં હિતો અને ન્યાય પ્રણાલીની રક્ષા માટે કટિબદ્ધ રહ્યું છે.

70 વર્ષના વૃદ્ધ ફરિયાદીએ જુબાની આપ્યાં વગર પરત ફરવું પડ્યું

એડવોકેટ અશ્વિન જોગડિયાએ જણાવ્યું હતું કે અમારા એક કેસમાં 70 વર્ષના વૃદ્ધ ફરિયાદીની કોર્ટમાં જુબાની લેવાની હતી અને તે માટે તેમને વહેલા બોલાવી લેવામાં આવ્યા હતા. કોર્ટમાં સવારે પોકાર સમયે જ તેમની હાજરી પુરી કોર્ટ દ્વારા ઉલટ તપાસ માટે કામ બાજુમાં મુકવામાં આવ્યું હતું. પરંતુ હડતાલ જાહેરાત થતા તેમની જુબાની થઈ શકી ન હતી અને તેમણે પરત ફરવું પડ્યું હતું.

જેમણે કાયદાનું જ્ઞાન જ મેળવ્યું નથી એ ન્યાય કઈ રીતે કરશે?: ઝકી શેખ

બીસીજી સભ્ય ઝકી શેખે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા જે નવું ભાડા વિધેયક છે, તેમાં ન્યાયપ્રણાલીને દૂર કરી અને કોર્ટને બદલે એ સત્તા મામલતદાર અને કલેક્ટર કચેરીના અધિકારીઓને સોંપવામાં આવી છે, જેના કારણે પક્ષકારોને યોગ્ય ન્યાય મળશે નહીં. જેમણે કાયદોનો જ અભ્યાસ કર્યો જ નહીં હોય તે ન્યાય કરી રીતે કરશે? દરમિયાન બીસીજી સભ્ય ભાવેશ રબારી, હિતેશ પટેલે પણ આ વિધેયકનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે, આ વિધેયકમાં ન્યાયિક પ્રણાલીને દૂર કરીને વકીલોને વ્યાપક નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. જેને કારણે સમગ્ર ગુજરાતના વકીલો આ બિલનો વિરોધ કરી રહ્યા છે.

આ બિલથી સરકારી ભ્રષ્ટાચાર વધશે: એડ્વોકેટ પ્રિતીબેન જોષી

આ બિલથી માત્ર સ્મોલકોઝ કોર્ટની હકુમત નથી છીનવાઈ, નવા કે જૂના દરેક પ્રકારના, ભાડુઆત-મકાન માલિકની તકરાર/લીઝ - લાઇસન્સના દાવાઓ ચલાવતી સિટી સિવિલ કોર્ટ અને દરેક ગ્રામ્ય કોર્ટ પાસેથી હકુમત છીનવાઈ છે. જેને અટકાવવું ખૂબ જ જરૂરી છે અને તેના માટે સંયુક્ત લડત જરૂરી છે. વકીલોની વકીલાત પર વિપરીત અસર થાય તેવું ચોક્કસ જ છે. તેમજ સરકારી ખાતામાં ભ્રષ્ટાચાર વધવાની શક્યતા રહેશે તેમ બીસીજી સભ્ય પ્રિતીબેન જોષીએ જણાવ્યું હતું.

ખાખી, 'કેશિયર' સિન્ડિકેટ, રાજકીય આકાઓનું 10 પો.સ્ટે.માં ગઠબંધન

કેશિયરોના પાપે સુરત શહેર દેશમાં ગુનાખોરીમાં કલંકિત થયું

કોન્સ્ટેબલોની બદલી પોલીસ કમિશનર પણ કરી શકતા નથી

સુરત: ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી તરીકે વૈશ્વિક ફલક પર ચમકતું સુરત શહેર આજે એક અત્યંત કાળી અને ભયાનક વાસ્તવિકતાના વમળમાં ફસાયું છે. દેશભરમાં હત્યા, બળાત્કાર, ખંડણી, લૂંટ અને છેતરપિંડી જેવા ગંભીર ગુનાઓમાં સુરતનું નામ અગ્ર ક્રમે આવીને ઊભું રહી ગયું છે. સૌથી મોટો અને વેધક સવાલ એ ઊભો થાય છે કે ખુદ રાજ્યના ગૃહમંત્રીનું હોમટાઉન હોવા છતાં આ ઔદ્યોગિક મહાનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ આ હદે કેમ કથળી ગઈ છે? કાગળ પર ચાલતી કડક પોલિસિંગ અને જમીની વાસ્તવિકતા વચ્ચે એટલો મોટો ખાડો છે કે સામાન્ય નાગરિકો માટે સલામતી માત્ર એક ભ્રમ બનીને રહી ગઈ છે. પડદા પાછળની આ કડવી વાસ્તવિકતા તપાસતાં જે ચિત્ર સામે આવે છે તે માત્ર ચિંતાજનક જ નહીં, સમગ્ર પ્રશાસનને હચમચાવી મૂકે તેવું છે. સુરત શહેરમાં ચોક્કસ વિસ્તારોના પોલીસ સ્ટેશનોમાં સોથી ચારસો ટકાની ગુનાખોરી વકરી છે. જ્યારે તે સિવાય અન્ય પો.સ્ટે.માં ગુનાખોરી કાબૂમાં છે.

તે બતાવે છે કે, રાજકીય આકાઓ અને કેશિયરોએ શહેરને ગુનાખોરીમાં બદનામ કરવા કોઈ કસર છોડી નથી. તેમાં પોલીસ અધિકારીઓ નહીં પરંતુ કરપ્ટેડ કેશિયરો એટલે કે પોલીસ કોન્સ્ટેબલો વહીવટ કરી રહ્યા છે. તેમાં જીઆઈડીસી એરિયા ઉપરાંત કાપડ બજાર જેવા વિસ્તારો અને મહારાષ્ટ્રીયન તથા પરપ્રાંતીય વિસ્તારોમાં ગુનાખોરીને કેશિયરો પ્રોત્સાહિત કરી રહ્યા છે.

ગુનાખોરીના હોટસ્પોટ્સ: જ્યાં લોહી વહેવું સામાન્ય બની ગયું છે

મુખ્ય સંવેદનશીલ વિસ્તારોમાં પરપ્રાંતીય વિસ્તારો જેવા કે આ વિસ્તારો મુખ્યત્વે લાખો શ્રમિકો અને પરપ્રાંતીય વસતી ધરાવે છે. ગીચ વસાહતો, સાંકડી ગલીઓ અને ઔદ્યોગિક પટ્ટાઓમાં દેશી-વિદેશી દારૂના અડ્ડા, ગાંજો, એમડી ડ્રગ્સ અને જુગારની ક્લબો બેરોકટોક ધમધમે છે. નશાના રવાડે ચડેલાં અસામાજિક તત્ત્વો વચ્ચે સામાન્ય બોલાચાલી પણ લોહિયાળ હત્યાકાંડમાં પરિણમે છે, જ્યારે સ્થાનિક પોલીસ માત્ર કાગળ પર ફરિયાદ નોંધીને સંતોષ માની લે છે.

'ડી-સ્ટાફ' અને 'કેશિયર' પ્રથાની કાળી દુનિયા

સુરતનાં મોટા ભાગનાં પોલીસ સ્ટેશનોમાં આ ડી-સ્ટાફનો સમગ્ર વહીવટ એક ચોક્કસ કોન્સ્ટેબલ કે હેડ કોન્સ્ટેબલના હાથમાં સોંપી દેવામાં આવ્યો છે, જે ખાખી વર્દીની અંદર 'કેશિયર' તરીકે ઓળખાય છે.

દારૂનો ધંધો કેશિયરો જ કરે છે, કાગળ પર બુટલેગર બતાવાય છે

શહેરમાં રોજ જે દારૂ આવે છે તેમાં કેશિયરોના કરોડો રૂપિયાના રોકાણની વાત છે. તેમાં એવું કહેવાય છે કે, જે-તે બુટલેગરો કાગળ પર જ હોય છે, પરંતુ કેશિયરો સાથે ભાગીદારી કરો તો જ શહેરમાં પરપ્રાંતીય વિસ્તારોમાં ધંધો કરી શકાય છે. દારૂના ધંધામાં કેશિયરોના કરોડો રૂપિયા રોકાયા હોવાની વાત છે.

દસ કેશિયરોની આવક મહિને બે કરોડ કરતાં વધારે

આ કેશિયરનું મુખ્ય કામ પોલિશિંગ કરવાનું નથી, પરંતુ વિસ્તારમાં ચાલતા તમામ ગેરકાયદે ધંધાઓ જેવા કે દારૂના પીઠા, ડ્રગ્સ પેડલર્સ, ગેરકાયદે બાંધકામો, સ્ક્રેપ માફિયા અને વ્યાજખોરો પાસેથી નિયમિત 'હપ્તા' ઉઘરાવવાનું છે. સાચા કે ખોટા કોઈપણ કેસમાં આરોપીને છોડાવવો, કલમો હળવી કરવી કે સામસામે સેટિંગ કરાવવું એ બધું જ આ કેશિયરની મંજૂરી વિના શક્ય બનતું નથી. શહેરમાં દસ જેટલાં પોલીસ સ્ટેશનનો જે પરપ્રાંતીય વિસ્તારોમાં આવેલા છે. જેઓની આવક પચાસ લાખથી બે કરોડ સુધીની વાત છે.

રાજકીય ઓથ અને લાચાર આઈપીએસ કેડર

હાલમાં સુરત રાજ્યનું એક મુખ્ય 'પાવર સેન્ટર' બની ગયું છે. આ પરિસ્થિતિનો સૌથી મોટો ગેરલાભ સ્થાનિક વહીવટને થયો છે. ચોક્કસ સક્ષમ રાજકીય નેતાઓની છત્રછાયા હેઠળ આ કેશિયરો કામ કરી રહ્યા છે. સુરતમાં ૭૦ ટકાથી વધુ આઈપીએસ કેડરના અધિકારીઓ એવા છે, જેઓ ખરેખર કડક હાથે કામ કરવા માંગે છે અને ગુનાખોરી ડામવા માટે ઉત્સુક છે. પરંતુ જ્યારે તેઓ આવા ભ્રષ્ટ કોન્સ્ટેબલો કે કેશિયરો સામે પગલાં લેવા જાય છે, ત્યારે ઉપરથી 'ફોન' આવી જાય છે. પરિણામે, ઉચ્ચ અધિકારીઓ માત્ર તમાશો જોવા મજબૂર બન્યા છે.

પો.કમિ.એ કરેલી ટ્રાન્સફર પણ રિવોક થાય છે

પોલીસ કમિશનર દ્વારા કોઈ વિવાદાસ્પદ કોન્સ્ટેબલ કે કેશિયરની બદલી કરવામાં આવી હોય તો રાજકીય આકાઓ પોતાના પાવરનો ઉપયોગ કરી તે ટ્રાન્સફર ઓર્ડર રદ કરાવી દે છે. એક આઈપીએસ કક્ષાના અધિકારી કરતાં નીચલા સ્તરના કોન્સ્ટેબલ પાસે વધુ સત્તા આવી જવી એ કોઈપણ લોકશાહી અને કાયદાકીય તંત્ર માટે લાલબત્તી સમાન છે. આ કેશિયરો માત્ર હપ્તાવસૂલી પૂરતા સીમિત નથી. કરોડો રૂપિયાની જમીન પચાવી પાડવાના વિવાદો, ખંડણી, સોપારી અને સ્થાનિક સેટલમેન્ટોમાં રાજકીય આકાઓના 'કલેક્શન એજન્ટ' તરીકે કામ કરે છે. બદલામાં રાજકીય નેતાઓ તેમને સંપૂર્ણ રક્ષણ આપે છે.

હવે સીમાડા નાકાની 'વૈશાલી વડાપાઉં'માંથી ખરીદેલા વડાપાંઉમાં પથ્થર નીકળ્યો

5 હજારનો દંડ કરી રિપોર્ટ નહીં આવે ત્યાં સુધી બંધ રાખવા મનપાનો આદેશ

સુરત: શહેરમાં નામી ફૂડ બ્રાન્ડના ખાદ્યપદાર્થોની ગુણવત્તા સામે વધુ એક ગંભીર ફરિયાદ સામે આવી છે. વરાછાના સીમાડા નાકા વિસ્તારમાં આવેલી જાણીતી 'વૈશાલી વડાપાઉં'ની શાખામાંથી ખરીદેલા વડાપાઉંમાં પથ્થરનો ટુકડો નીકળતાં ગ્રાહકે મનપાના ફૂડ સેફ્ટી વિભાગમાં ફરિયાદ કરી હતી. ફરિયાદ મળ્યા બાદ આરોગ્ય વિભાગે તાત્કાલિક સ્થળ તપાસ હાથ ધરી કાર્યવાહી કરી છે.

ગ્રાહક વડાપાઉં ખાતો હતો ત્યારે અચાનક દાંત નીચે કઠણ વસ્તુ આવતાં તેણે તપાસ કરતાં પથ્થરનો ટુકડો મળી આવ્યો હતો. ગ્રાહકે આ અંગે જરૂરી પુરાવા સાથે મનપામાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ફૂડ સેફ્ટી ટીમે સીમાડા નાકા સ્થિત શાખામાં તપાસ કરી હતી. તપાસ દરમિયાન મનપાની ટીમે વડાપાઉં તેમજ તળવા માટે વપરાતા ખાદ્ય તેલના સેમ્પલ લીધા હતા. બંને સેમ્પલને પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. દરમિયાન ખાદ્ય સુરક્ષાના નિયમોના ભંગ બદલ સંચાલકને 5,000ની વહીવટી પેનલ્ટી ફટકારવામાં આવી છે. મનપાએ લેબોરેટરી રિપોર્ટ અને આગળની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી શાખાનું વેચાણ બંધ રાખવા નોટિસ આપી છે. રિપોર્ટમાં

બિહારમાં પિતાની હત્યા કરનાર પુત્ર સારોલીમાંથી ઝડપાયો

સુરત: બિહારના સમસ્તીપુર જિલ્લામાં પિતાની ઘાતકી હત્યા કરી સુરત આવી ઓળખ છુપાવીને રહેતા વોન્ટેડ પુત્રને સારોલી પોલીસે બાતમી આધારે પકડી પાડ્યો છે. સમસ્તીપુરના હલોઈ પોલીસ સ્ટેશનના હત્યાના ગુનામાં વોન્ટેડ શિવશંકર રઘુવીર સહાની (ઉ.વ.26) હાલ સારોલી ગેટ પાસે આવેલા કિરણ ટ્રાન્સપોર્ટમાં હમાલીનું કામ કરતો હતો. અઢી મહિના અગાઉ રાત્રિના સમયે પિતા ઘરે ઊંઘી રહ્યા હતા ત્યારે અદાવતમાં પિતાની હત્યા કરી વતનથી ભાગીને સુરત આવ્યો હતો અને સારોલી ગામના હનુમાન ફળિયામાં આવેલી ઈશ્વરકૃપા રેસિડેન્સીમાં ભાડે રહેતો હતો. અહીં તેણે પોતાની ઓળખ છુપાવીને મજૂરીકામ શરૂ કર્યું હતું.

રેસ્ટોરન્ટ્સ પર મનપાનો સપાટો અખાદ્ય 193 Kg જથ્થાનો નાશ

સ્વચ્છતા અને ગુણવત્તાના અભાવે 54 સંસ્થાને નોટિસ, 2.77 લાખનો દંડ વસૂલાયો

સુરત: શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતી રેસ્ટોરન્ટ્સમાં સુરત મહાનગરપાલિકા દ્વારા વ્યાપક તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આરોગ્ય વિભાગ અને ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમોએ સંયુક્ત રીતે શહેરના તમામ ઝોનમાં આવેલી રેસ્ટોરન્ટ્સના રસોડાની સ્વચ્છતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વાપરવામાં આવતા પાણી તથા કાચા માલ (રો-મટીરિયલ)ની ગુણવત્તા ચકાસી હતી. આ ઉપરાંત, કર્મચારીઓની શારીરિક સ્વચ્છતા, ફિટનેસ સર્ટિફિકેટ તેમજ કચરા અને ગટરના નિકાલની વ્યવસ્થા અંગે સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. સંચાલકોને ગ્રાહકો જોઈ શકે તે રીતે કિલન પરિસરમાં સીસીટીવી કેમેરા લગાવી તેનું લાઇવ પ્રસારણ બેઠક વ્યવસ્થા પાસે દર્શાવવા માટે જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી છે.

આ તપાસ દરમિયાન કુલ 84 રેસ્ટોરન્ટ્સનું ચેકિંગ કરી અસ્વચ્છતા અને અનિયમિતતા જણાતાં 54 સંસ્થાને નોટિસ ફટકારવામાં આવી હતી. આ સિવાય શંકાસ્પદ ખાદ્યપદાર્થોના 39 જેટલા નમૂનાઓ લેવાયા હતા અને આશરે 193.5 કિલોગ્રામ જેટલો અયોગ્ય ખાદ્ય જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. મહાનગરપાલિકા દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનાર વેપારીઓ પાસેથી કુલ 2,77,100નો વહીવટી દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે.

આંજણા-ઉમરવાડાની માર્કેટોમાં ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી

ઋતુરાજ અને જશ માર્કેટ તેમજ દુર્ગા હાઉસ અને એસ.કે. પી. હાઉસમાં પાર્કિંગ-માર્જિનનાં બાંધકામો સીલ કરાયાં

સુરત: ટેક્સટાઇલ માર્કેટોમાં વધી રહેલા આગના બનાવો બાદ સફાળા જાગેલા સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન દ્વારા ટી.પી. સ્કીમ નં.7 (આંજણા) અને ટી.પી. સ્કીમ નં.8 (ઉમરવાડા)માં મંજૂર પ્લાન વિરુદ્ધ થયેલા બાંધકામ તથા અનધિકૃત ઉપયોગ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. 30 સપ્ટેમ્બરના રોજ નોટિસો આપ્યા બાદ પણ તેનો અમલ ન કરનારી મિલકતોમાં અનધિકૃત વપરાશ બંધ કરાવી સીલ મારવાની કામગીરી હાથ ધરાઈ હતી.

મનપાની કાર્યવાહી દરમિયાન ઋતુરાજ ટેક્સટાઇલ માર્કેટના બેઝમેન્ટ તથા લોવર ગ્રાઉન્ડના કેટલાક ભાગને સીલ કરવામાં આવ્યા હતા. દુર્ગા હાઉસ અને એસ.કે.પી. હાઉસની પાર્કિંગ જગ્યામાં અનધિકૃત રીતે ગોડાઉનનો ઉપયોગ થતો હોવાથી બંને જગ્યાએ સીલ મારવામાં આવ્યા હતા. જ્યારે જશ માર્કેટમાં માર્જિનવાળા ભાગમાં બે અનધિકૃત દુકાનો તેમજ OTSમાં બનાવાયેલા અનધિકૃત કોન્ફરન્સ હોલ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. મનપાએ જણાવ્યું છે કે, આવનારા સમયમાં મંજૂર પ્લાન વિરુદ્ધનાં બાંધકામો દૂર કરાશે.

દિવાળી-છઠ પર ઉત્રાણથી દોડશે ઉત્તર ભારત માટે હોલિડે સ્પેશિયલ

સુરત: સુરત: દિવાળી અને છઠ પૂજામાં વતન જતાં લાખો પરપ્રાંતીય શ્રમિકો માટે સૌથી મોટા સમાચાર છે. વડોદરા સેન્ટ્રલ દ્વારા ઉત્રાણ સ્ટેશનને સેટેલાઈટ ટર્મિનલ તરીકે વિકસાવવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરાયું છે. યાર્ડ રિમોડેલિંગ અને ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગનું આ કામ પૂર્ણ થતાં જ આગામી તહેવારોમાં ઉત્રાણથી ઉત્તર ભારત અને દેશના અન્ય ભાગો માટે હોલિડે સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો માર્ગ મોકળો થઈ જશે. આ મહત્ત્વપૂર્ણ કામ માટે 1 ઓક્ટોબરથી 16 ઓક્ટોબર સુધી બ્લોક લેવામાં આવશે. જેના કારણે ટ્રેન નં. 69198 ભરૂચ-સુરત મેમુ રદ રહેશે અને 12656 ચેન્નાઈ-અમદાવાદ, 19015/19016 સૌરાષ્ટ્ર એક્સપ્રેસ, 12471/12472 સ્વરાજ એક્સપ્રેસ સહિત અનેક ટ્રેનો 10 મિનિટથી 1 કલાક 40 મિનિટ સુધી લેટ દોડશે.



